*Website : www.sugcollege.org*
*Email : sugcollegeofedu@gmail.com*

*શ્રીમતી ઉલ્લાસબેન ગોરધનદાસ કોલેજ ઓફ એજ્યુકેશન*

**Smt.Ullasben Gordhandas College of Education**
Vasna, AHMEDABAD: 380007

B.Ed. 2023-25

SEM - 4

# PORTFOLIO

પ્રશિક્ષણાર્થીનું નામ : મહેશ્વરી રાજકુમાર જયરામભાઇ

રોલ નંબર : 05

મેથડ ૧ : ગુજરાતી    મેથડ ૨ : સામાજિક વિજ્ઞાન

માર્ગદર્શક : ડૉ. કિરણબેન પટેલ

# Personal Details



| | | |
|---|---|---|
| 1 | Name of the State | Gujarat |
| 2 | Name of the University | Gujarat University |
| 3 | Name of the college | Smt.Ullasben Gordhandas College of Education<br>Vasna – Ahmedabad – 380007 |
| 4 | Name of the principal of college with contact details | Dr.ashok patel<br>Smt.Ullasben Gordhandas College of Education<br>Mobile no : 94260004542 |
| 5 | Name of Student (in capital) | MAHESHWARI RAJKUMAR JAYRAMBHAI |
| 6 | Name of Student (in Gujarati) | મહેશ્વરી રાજકુમાર જયરામભાઇ |
| 7 | Residential address with e-mail and phone | 112 Devnagar Society Anjar-Kutch 370110<br>E-mail - raj.maheshwari6589@gmail.com<br>Mo- 9484871560 |
| 8 | Sex | Male |
| 9 | Date of Birth (DoB) | 02/12/2002 |
| 10 | Category | General |
| 11 | Year | 2023-25 |
| 12 | Semester | 4 |
| 13 | Method 1 | Gujarati |
| 14 | Method 2 | Social science |
| 15 | Micro teaching Date | From : 26/08/2023 To : 13/09/2023 |
| 16 | Simulation Date | From : 20/09/2023 To : 04/10/2023 |
| 17 | Streylation Date | From : 16/10/2023 To : 20/10/2023 |
| 18 | Block teaching Date | From : 10/02/2024 To : 15/02/2024 |
| 18 | 3 Month Internship date<br>Name of the principal of school with contact details | From : 15/07/2024 To : 30/09/2024<br>વીડી બગીચા પ્રાથમિક શાળા અંજાર – કચ્છ<br>Kirtibhai govindbhai patel Mobile no : 9925094731 |
| 19 | 1 Month Internship date<br>Name of the principal of school with contact details | From : 26/12/2024 To : 27/01/2025<br>સરકારી માધ્યમિક શાળા ગળપાદર ગાંધીધામ – કચ્છ<br>Pravinaben Lavjibhai Patel Mobile no : 9427074902 |
| 20 | Annual lesson Date | From : 03/02/2025 To : 06/02/2025 |

# ACADEMIC QUALIFICATION

| DEGREE/EXAM | BOARD/UNIVERSITY | YEAR | PERCENTAGE |
|---|---|---|---|
| 10TH | THA.NPN HIGHSCHOOL (G.S.E.B) | 2018 | 68.16% |
| 12th | D.V HIGHSCHOOL (G.H.S.E.B) | 2020 | 69.28% |
| B.A | H.K ARTS COLLEGE (G.U) | 2023 | 73.07% |
| B.ED | S.U.G. COLLEGE OF EDUCATION, VASNA (G.U) | 2025 | SEM 1 - 80%<br>SEM 2 - 81%<br>SEM 3 - 90%<br>SEM 4 - PURSING |

| KEY SKILL | HOBBIES |
|---|---|
| • Microsoft office | • Reading newspapers |
| • Team work | • Playing volleyball |
| • Creating idea | • Watching cricket |
| • Gujarati and English typing | • Listening music |
| • Quick learner | • Playing carom |
| • Leadership | • Travelling |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય વસ્તુની વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | પોર્ટફોલિયોની સંકલ્પના અને તેના પ્રકારો | ૧-૧ |
| ૨. | શૈક્ષણિક પોર્ટફોલિયો બનાવવાનો મુખ્ય ઉદેશ્ય | ૨-૨ |
| ૩. | શૈક્ષણિક પ્રવૃત્તિ<br>• Micro teaching<br>• Simulation<br>• Stray Lesson<br>• Block Teaching<br>• 3 મહિનાની ઇન્ટર્નશીપ<br>• 3 મહિનાની ઇન્ટર્નશીપ<br>• વાર્ષિક પાઠ<br>• Digital lesson plan & ppt | ૩-૧૩ |
| ૪. | સહઅભ્યાસિક પ્રવૃત્તિ<br>• Welcome day 2023-25<br>• પ્રાર્થના કાર્યક્રમ<br>• College Election<br>• Teachers day<br>• Navratri celebration<br>• વિશ્વ માતૃભાષા દિવસ<br>• International Women's day<br>• Farewell Function - 2024<br>• Innovation club training - 2024<br>• Welcome day -2024-26<br>• સન્માન સમારોહ ડૉ.હર્ષદ પટેલ<br>• પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ – ૨૦૨૫<br>• રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ<br>• Innovation club training – 2025<br>• K.C.G. Life skill training<br>• હોળી – ધૂળેટી<br>• Farewell Function – 2025 | ૧૪-૩૧ |

| | | |
|---|---|---|
| ૫. | પ્રાયોગિક કાર્ય<br>• મનોવૈજ્ઞાનિક કસોટી<br>• વ્યક્તિ અભ્યાસ<br>• ક્રિયાત્મક સંશોધન<br>• પુસ્તક સમીક્ષા<br>• આત્મકથા<br>• ગદ્ય સમીક્ષા<br>• પદ્ય સમીક્ષા | ૩૨-૩૫ |
| ૬. | T.L.M. નિર્માણ<br>• લેખક હર્ષદ ત્રિવેદી ની મુલાકાત<br>• S.S T.L.M. | ૩૬-૩૮ |
| ૭. | સપ્તધારા કાર્યક્રમ<br>• વકતૃત્વ સ્પર્ધા<br>• માપન,વજન,વાક્યપૂર્તિ અને પત્રલેખન<br>• રંગોળી<br>• મેમરી ગેમ<br>• કવીઝ સ્પર્ધા<br>• લગ્નગીત<br>• ખાણી – પીણી<br>• સફાઈ કાર્યક્રમ<br>• સપ્તધારા કાર્યક્રમમાં નાસ્તો | ૩૯-૪૮ |
| ૮. | રાષ્ટ્રીય પર્વની ઉજવણી<br>• ૨૬ જાન્યુઆરી ૨૦૨૪<br>• તીરંગા યાત્રા ૨૦૨૪<br>• ૧૫ ઓગસ્ટ ૨૦૨૪<br>• ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ | ૪૯-૫૩ |
| ૯. | પ્રવાસ<br>• જંગલ સફારી<br>• સરદાર સરોવર ડેમ<br>• સ્ટેચ્યુ ઑફ યુનિટી<br>• વ્યૂઇંગ ગેલેરી<br>• મ્યુઝિયમ<br>• પોઈચા મંદીર | ૫૪-૫૬ |

| | | |
|---|---|---|
| ૧૦. | સંસ્થા મુલાકાત<br>• અંધજન મંડળ<br>• સાબરમતી મધ્યસ્થ જેલ | ૫૭-૬૦ |
| ૧૧. | સિદ્ધિઓ | ૬૧-૬૩ |

# પોર્ટફોલીયોની સંકલ્પના અને તેના પ્રકારો

**પોર્ટફોલીયોની સંકલ્પના (Concept of Portfolio):** પોર્ટફોલીયો એટલે વિવિધ નિવેશો (ઇન્વેસ્ટમેન્ટ્સ), પ્રોજેક્ટ્સ અથવા કાર્યોનો એક સંગઠિત સંગ્રહ, જેનો ઉદ્દેશ્ય જોખમ ઘટાડવું, વધુ વળતર મેળવવું અથવા લક્ષ્યો હાંસલ કરવા માટે વિવિધતા (ડાઇવર્સિફિકેશન) લાવવાનો હોય છે.

**પોર્ટફોલીયોના પ્રકારો (Types of Portfolios):**

**1. નિવેશ પોર્ટફોલીયો (Investment Portfolio):**

- શેરો (સ્ટોક્સ), બોન્ડ્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ્સ જેવી વિવિધ નિવેશ સાધનોનો સમૂહ.
- ઉદાહરણ: એક વ્યક્તિના સ્ટોક માર્કેટ, ગોલ્ડ અને રિયલ એસ્ટેટમાં નિવેશ.

**2. કારકિર્દી પોર્ટફોલીયો (Career Portfolio):**

- વ્યક્તિગત કૌશલ્યો, અનુભવો, શિક્ષણ અને પ્રોજેક્ટ્સનો સંગ્રહ.
- ઉદાહરણ: નોકરીના અરજીમાં જોડવામાં આવતું રેઝ્યુમ + સર્ટિફિકેટ્સ.

**3. શૈક્ષણિક પોર્ટફોલીયો (Educational Portfolio):**

- વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવતા અસાઇનમેન્ટ્સ, પ્રોજેક્ટ્સ અને પ્રદર્શનોનો સંગ્રહ.
- ઉદાહરણ: શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ જોવા માટે બનાવેલ પોર્ટફોલીઓ.

**4. કલાત્મક પોર્ટફોલીયો (Artistic Portfolio):**

- ફોટોગ્રાફર, ડિઝાઇનર, લેખક જેવા કલાકારોના કાર્યોનો સંગ્રહ.
- ઉદાહરણ: ગ્રાફિક ડિઝાઇનરની ડિઝાઇન્સનું PDF પોર્ટફોલીઓ.

**5. પ્રોજેક્ટ પોર્ટફોલીયો (Project Portfolio):**

- કંપની અથવા સંસ્થા દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ્સનો રેકોર્ડ.
- ઉદાહરણ: IT કંપનીના સોફ્ટવેર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની યાદી.

**6. ડિજિટલ પોર્ટફોલીયો (Digital Portfolio):**

- ઑનલાઇન પ્લેટફોર્મ (વેબસાઇટ, બ્લોગ, PDF) પર બનાવેલ પોર્ટફોલીયો.
- ઉદાહરણ: ફ્રીલાન્સરની વ્યક્તિગત વેબસાઇટ પરનું કામ.

# શૈક્ષણિક પોર્ટફોલીયો બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય

**બીએડ (B.Ed)ના તાલીમાર્થીઓ (શિક્ષક તાલીમાર્થીઓ) માટે શૈક્ષણિક પોર્ટફોલીયો (Educational Portfolio) બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય :**

1. **વ્યવસાયિક વિકાસનું દસ્તાવેજીકરણ :** પોર્ટફોલિયો તાલીમાર્થીના શિક્ષણ, કુશળતા અને અનુભવોનો સંગ્રહ હોય છે, જે તેમના વ્યવસાયિક સુધારણા અને વિકાસને દર્શાવે છે.

2. **પ્રતિબિંબ (Reflection) અને આત્મ-મૂલ્યાંકન :** પોર્ટફોલિયો બનાવવાથી તાલીમાર્થી પોતાની શિક્ષણ પદ્ધતિઓ, શક્તિઓ અને કમજોરીઓ પર વિચાર કરે છે, જે શિક્ષક તરીકે વિકાસ માટે મદદરૂપ છે.

3. **શૈક્ષણિક સાક્ષ્ય (Evidence)નો સંગ્રહ :** તેમાં પાઠ યોજના, વિદ્યાર્થીઓના કાર્યના નમૂના, ફીડબેક, સર્ટિફિકેટ્સ વગેરે શામેલ હોય છે, જે શિક્ષકની ક્ષમતાઓનો પુરાવો આપે છે.

4. **ભવિષ્યના રોજગાર માટે ઉપયોગી :** શિક્ષક તરીકે નોકરી મેળવતી વખતે પોર્ટફોલિયો એક પ્રભાવશાળી દસ્તાવેજ તરીકે કામ કરે છે, જે તાલીમાર્થીની યોગ્યતા અને અનુભવ દર્શાવે છે.

5. **શિક્ષણ પ્રક્રિયામાં સુધારો :** પોર્ટફોલિયોના માધ્યમથી તાલીમાર્થી પોતાની શિક્ષણ પદ્ધતિઓનું મૂલ્યાંકન કરી, ગેરજરૂરી ભૂલો સુધારી શકે છે.

**સરળ ભાષામાં :**

બીએડના તાલીમાર્થીઓ પોર્ટફોલિયો બનાવે છે, જેથી તેઓ પોતાની શિક્ષણ ક્ષમતાઓ, અનુભવો અને સિદ્ધિઓને સારી રીતે દર્શાવી શકે, તેમજ ભવિષ્યમાં સારા શિક્ષક બનવા માટે સતત સુધારો કરી શકે.

# શૈક્ષણિક પ્રવૃત્તિ

# ***Micro teaching***




અમારી કોલેજ ચાલુ થયા ના થોડા દિવસ માં અમારા માઇક્રોટીચિંગ ના પાઠ શરૂ થઈ ગયા હતા. જેમાં મારે મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સમાજિકવિજ્ઞાન વિષય નું 5 મિનિટમાં પ્રશ્નપ્રવાહિતતા, વિષયાભિમુખ, ઉતેજના પરિવર્તન, કા.પા.કાર્ય જેવા કૌશલ્યો ને ધ્યાનમાં રાખી પાઠ આપવામાં તેમજ અમારા દ્વારા અન્યો તાલીમાર્થીના પાઠોનું નિરીક્ષણ પણ કરવામાં આવતું હતું. આ દિવસો માં જ્યારે પહેલી વાર પાઠ આપવા ગયા ત્યારે અંદરથી એમ થતું કે ૫ મિનિટ ક્યારે પતશે. આ માઇક્રોટીચિંગ ના મારા દ્વારા ૧૦ પાઠ આપવામાં આવ્યા હતા.

# Simulation





તારીખ ૨૦/૦૯/૨૦૨૩ થી ૦૪/૧૦/૨૦૨૩ અમારી કોલેજમાં સિમ્યુલેસેન ના પાઠ આપવામાં આવ્યા હતા. આ પાઠ આમારા દ્વારા ૧૫ મિનિટ સુધી નો આપવામાં આવતો હતો. જેમાં પહેલીવાર મે આટલીવાર સુધી સ્ટેજ ઉપર ઊભો રહીને ભણાવ્યું હોય આ અનુભવ અલગ જ હતો. આ દિવસ પછી થી મારો સ્ટેજ ઉપર જઈને ભણાવવાનો ડર ઉડી ગયો હતો. અને મને આ દિવસ થી ભણાવવાની બહુ જ ગમવા લાગ્યું હતું. આ દિવસો માં અમારા દ્વારા કથન-ચર્ચા, આગમન-નિગમન, પ્રદર્શન, કાવ્ય શિક્ષણ જેવી પધ્ધતિઓનો ઉપયોગ કરીને પાઠ આપવા આવ્યા હતા.

# Stray lesson









અમારી કોલેજમાંથી અમને તારીખ ૧૬/૧૦/૨૦૨૩ થી ૨૦/૧૦/૨૦૨૩ સુધી અમને કૃષ્ણનગરમાં આવેલી ઉદગમ વિધામંદિર માં પાઠ આપવા જવાનું હતું. અમારા નિરીક્ષક તરીકે ડૉ.મનીષ પારેખ સાહેબ આવ્યા હતા. આ દિવસો મા અમે છોકરાને પાઠ ભણાવ્યા તેમની સાથે રમ્યા ખરેખર આ દિવસો તો જીવનમાં ક્યારેય નહી ભૂલાય કેમકે પહેલી વાર છોકરાઓ દ્વારા મને સર કહેવામા આવ્યું હતું.

# Block teaching






અમે તારીખ ૧૦/૦૨/૨૦૨૪ થી ૧૫/૦૨/૨૦૨૪ સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલી ગૂજરાત કુમાર વિનય મંદિર શાળામાં બ્લોક ટીચિંગ ના ભાગ રૂપે પાઠ આપવા ગયા હતા. ત્યાં અમારી સાથે અમારા નિરીક્ષક તરીકે મિતલ મેમ આવ્યા હતા. ત્યાં મારા દ્વારા ગુજરાતી માં નિબંધ કેવી રીતે લખવું તે લખતી સમય કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેના અંગે તેમજ સામાજિક વિજ્ઞાનમાં ભારત : લોકજીવન વિષે ફોટા બતાવીને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અહિયાં અમારા દ્વારા માધ્યમિક શાળામાં પાઠ આપવામાં આવ્યું હતું.

# 3 મહિનાની ઇન્ટર્નશીપ


























આ ત્રણ મહિનાની ઇન્ટર્નશીપ મે અંજાર - કચ્છ માં કરી હતી. જેમાં મારા દ્વારા દિજાતલ બોર્ડ નો ઉપયોગ કરીને અધ્યાયન કરાવવામાં આવતું હતું. તે શિવાય મારા દ્વારા સહઅભ્યાસીક પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. જેમાં શિક્ષક દિવસ, બાળ મેળો, ક્વિઝ સ્પર્ધા, સાંસ્કુતિક કાર્યક્રમ, યોગા રમત - ગમત, સ્વછતા અભિયાન વગેરે જેવી પ્રવૃતિઓ કરાવી હતી. આ સિવાય મારા દ્વારા ત્યાં વહીવટી કામના ભાગ રૂપે જુદા- જુદા પત્રકોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# ૧ મહિનાની ઇન્ટર્નશીપ












સાચે જીવનમાં આ સમય ક્યારેય ભૂલાય તેમ નથી. શાળમાં જઇયે ત્યારે જીવનમાં આપણને કોઈ પહેલી વાર સર કે તે સાભડીને જે આનંદ મળતો. વર્ગખંડમાં જઇયે ત્યારે બધા ઊભા થઈને નમસ્તે કેતા તે ભૂલાય તેમજ નથી. આ શાળાનો પરીવાર એટલો સારો છે કે તેના માટે કહેવું હોય તો શબ્દો ખૂટે તેમ છે. શાળાના શિક્ષકો તેમજ આચાર્યશ્રીઓ મને દરેક વખતે સાથ આપતા તેમજ જરૂર જણાય ત્યાં માર્ગદર્શન અને ટકોર પણ કરતાં. આ શાળાના બાળકો મારી વિદાય વખતે મને જવાજ નહોતા દેતા કે સર તમે અહિયાં જ શિક્ષક બની જાઓને.

આ શાળામાં બધા તહેવાર હળીમળીને ઉજવવામાં આવે છે . બાળકો સાથે કોઈ જાતનો ભેદભાવ કરવામાં આવતો નથી . આ શાળાના બાળકો હું જ્યારે ભણાવતો ત્યારે શાંતીથી ભણતા અને શહેજ ભી અવાજ કર્યા વગર મારી વાતને સમજતા હતા. જે ન સમજાય તે મને પૂછી લેતા અને આ શાળાના બાળકો બધી રીતે હોશિયાર છે માટે મારા દ્વારા તેમને સહઅભ્યાસીક પ્રવૃતિઓ પણ કરાવવામાં આવી હતી જેમાં રમત-ગમત, સાંસ્કૃતિક પ્રોગ્રામ, યોગા, તેમજ વિવિધ દિવસોની ઉજવણી સાથે અભ્યાસ તેમજ પરીક્ષા સાથે આ ૧ મહિનાની ઇન્ટર્નશીપ મારા દ્વારા કરવામાં આવી હતી.

# વાર્ષિક પાઠ










અમને વાર્ષિક પાઠ આપવા માટે ૨ દિવસ અલગ અલગ શાળા મા જવાનું હતું તેમાં અમને જુદી જુદી પધ્ધતિઓ, કૌશલ્યો તેમજ સાધન સામગ્રીનો ઉપયોગ કરીને પાઠ આપવાનો હતો.

# Digital lesson plan & ppt







અમને એક મહિનાની ઇન્ટર્નશીપ દરમ્યાન અમને ડિજિટલ પ્લાન અને પી.પી.ટી. બંને મેથડ ના વિષયમાં ધોરણ ૯ અને ૧૦ ને ધ્યાનમાં રાખીને પાઠ આપવામાં આવ્યા હતા.


# સહઅભ્યાસિક પ્રવૃત્તિ

# Welcome day 2023 -2025




અમારી બેચ એટલે કે વર્ષ ૨૦૨૩ - ૨૦૨૫ ની બેચનું સ્વાગત મોટા ભાઈઓ અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સૌપ્રથમ તેમના દ્વારા અમને ફૂલ આપી મોઢું મીઠું કરાવી સ્વાગત કર્યું હતું. તે દીવસે તે લોકો દ્વારા અમારા માટે સ્વાગત ગીતો ગાવામાં આવ્યા તેમજ તે લોકો એ કોલેજ માં શું શું કાર્ય કર્યું છે તે અંગે વક્તવ્ય આપી તે લોકોના કાર્ય અંગેનો વિડીયો અમને બતાવ્યો હતો. ત્યારબાદ અમારી કોલેજના આચાર્ય શ્રી ડૉ. અશોક પટેલ સાહેબ દ્વારા આમરું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તે લોકો દ્વારા અમને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. અને અંતે અમે સૌ લોકો ફોટા પાડીને પોતાનો દિવસ યાદગાર બનાવ્યો હતો.

# પ્રાર્થના કાર્યક્રમ










આ બે વર્ષ દરમ્યાન મારા દ્વારા કોલેજમાં પ્રાર્થના કાર્યક્રમ માં મારા દ્વારાઅનેક વાર સંચાલન, ગીત , વિચાર , પ્રશ્નોતરી રજૂ કરવામાં આવી હતી. અને અમુક દિન વિશેષ કાર્યક્રમ હોય ત્યારે પણ મારા દ્વારા પ્રાર્થના કાર્યક્રમ માં ભાગ લેવામાં આવતો હતો.

# <u>***College Election***</u>






કોલેજ ચાલુ થઇ તેના થોડા ટાઈમમાં જ કોલેજના G.S. , L.R. તેમજ મંત્રીમંડળ ની ચૂંટણી કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં અધિકારી તરીકે મનિષ પારેખ સાહેબ રહ્યા હતા. તેમજ વોટની ગણતરી મારા દ્વારા કરવામાં આવી હતી. આ ચૂંટણી માં ટોટલ ૮ ઉમેદવાર વિજેતા બન્યા હતા. જેમાં સાંસ્કુતિક,પ્રાર્થના,પ્રવાસ,રમત-ગમત જેવા મંત્રીઓની નિમણૂક કરવામાં આવી હતી.

# Teachers Day




આ દિવસ એટલે અમારા માટે ખૂબ મહત્વનો દિવસ આ દિવસે મારા દ્વારા કોલેજમાં સ્પીચ બોલવામાં આવી હતી. જેમાં મે મારુ ભવિષ્યના શિક્ષક હોવાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું તેમજ આમરા અધ્યાકો વિષે મારી લાગણી વ્યક્ત કરી હતી આ દિવશે અમારી કોલેજમાં ગીત, વિચાર, સ્પીચ વગેરે શિક્ષક દિવસ ને ધ્યાનમાં રાખીને તાલીમાર્થી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

# Navratri Celebration

અમારી કોલેજ નવરાત્રીના દિવસોમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસોમાં અમારું બ્લોક ટીચિંગ ચાલુ હતું એટલે અમે સવારે બ્લોક ટીચિંગના પાઠ આપી બપોરે અમે અમારી કોલેજમાં ગયા હતા. ત્યારે સૌ પ્રથમ આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ બધા ગરબા રમ્યા હતા. તે પછી બધાએ ફોટા પાડ્યા અને ત્યારબાદ બધાએ સાથે નાસ્તો કર્યો હતો. ખરેખર આ દિવસે બઉ જ મજા આવી હતી. આ દિવસે બધા ટ્રેડીશનલ કપડા પહેરીને આવ્યા હતા.

# વિશ્વ માતૃભાષા દિવસ






વિશ્વ માતૃભાષા દિવસ નિમિતે અમારી કોલેજમાં તેની વિશેષ રીત ઉજવણી કરવામાં હતી. વિશ્વ માતૃભાષા દિવસ ૨૧ ફેબ્રુઆરી ના આવે છે.

આ દિવસે પ્રાર્થના કાર્યક્રમમાં મારા દ્વારા માતૃભાષાનો આખો ઇતિહાસ જણાવવામાં આવ્યો હતો. માતૃભાષાનો ઉદ્ભવ શા માટે અને કેમ થયો હતો ? તે મારા દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાતી ભાષાના પ્રખર લેખકો, કવિઓ, અને તેમની કૃતિઓ વિષે માહિતી આપવામાં આવી હતી.

આ દિવસે તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કાર્યક્રમમાં ગુજરાતી ગીત અને વિચાર રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોલેજના આચાર્ય શ્રી ડૉ.અશોક પટેલ સાહેબ દ્વારા ગુજરાતી ભાષા વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

# ***International Women's Day***




ઇન્ટરનેશનલ વુમન્સ ડે ૮ માર્ચ ના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસે અમારી કોલેજ ની બહેનો દ્વારા પ્રાર્થના કાર્યક્રમ માં વુમન્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં બહેનો દ્વારા સ્ત્રી ને લગતા વિચાર તેનું મહત્વ આ અને આજ વિશ્વમાં સ્ત્રીઓએ કયા કયા ક્ષેત્રો માં સિદ્ધિઓ હાસલ કરી છે તે જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગીત પણ નારી ને લગતું ગાવામાં આવ્યું હતું. અને સ્ત્રીઓ ને લગતી પ્રશ્નોતરી કરવામાં આવી હતી.

ત્યારબાદ કોલેજના અધ્યાપક મિતલ મેમ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

# ***Farewell function - 2024***









અમારી કોલેજ માં મોટા ભાઈઓ અને બહેનો નો અમે વિદાય કાર્યક્રમ રાખ્યો હતો. જે કાર્યક્રમમાં મારા દ્વારા એનકરીંગ કરવામાં આવ્યું હતું. આ દિવસે અમારા દ્વારા તેમણે ગુલાબ નું ફૂલ આપી તેમના ઉજ્જવળ  ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. તે દીવસે વિદાય ગીત, સ્પીચ, મીમીકરી વગેરે જેવી બાબતો રજૂ કરવામાં આવી હતી ત્યારબાદ અમે સૌ સાથે ગ્રુપ ફોટો પડાવ્યો તેમજ સૌ સાથે જમ્યા હતા.

# Innovation club training - ૨૦૨૪










અમારી કોલેજમાં તારીખ ૧૧/૦૭/૨૦૨૪ થી ૨ દિવસ માટે તાલીમ રાખવામા આવી હતી. આ તાલીમમાં ડ્રોન ઉડાડવું, ટેલિસ્કોપ થી જોવું પૃથ્વીના ગોળાનો ઉપયોગ, સર્કિટ બનાવવા તેમજ જુદા - જુદા વિષયને લગતી રશપ્રદ માહિતી આપી હતી. જેમાં અમારી કોલેજના તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો.

# Welcome day 2024-26





કોલેજમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન નવા આવેલા નાના ભાઈઓ અને બહેનોનું સ્વાગત કાર્યક્રમ રાખવામા આવ્યો હતો. આ કાર્યક્રમ માં મારા દ્વારા એનકરીંગ કરવામાં આવ્યું હતું. આ દિવસે અમારા દ્વારા તેમણે ગુલાબ નું ફૂલ આપી મોઢું મીઠું કરાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે દીવસે ગીત, સ્પીચ, મીમીકરી વગેરે જેવી બાબતો રજૂ કરવામાં આવી હતી. તે પછી અમારા દ્વારા તેમને આ વર્ષ દરમ્યાન કરેલ કાર્યો અંગેનો વિડીયો બતાવવામાં આવ્યો હતો. ત્યારબાદ અમે સૌ સાથે ગ્રુપ ફોટો પડાવ્યો તેમજ સૌ સાથે જમ્યા હતા.

# સન્માન સમારોહ ડૉ. હર્ષદ પટેલ















અમારી કોલેજના અધ્યાપક ડૉ. હર્ષદ પટેલ સાહેબ ગૂજરાત વિધાપીઠના કુલપતિ બન્યા તે બદલ અમારી કોલેજમાં તેમનું સન્માન કરવા માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલજના આચાર્યશ્રી ડૉ.અશોક પટેલ સાહેબ દ્વારા તેમને સાલ ઓઢાડી સન્માન કર્યું. ત્યારબાદ તેમણે અને ડૉ.જગદીશ મહિડા સાહેબ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ દિવસે અમારી કોલેજમાં ભૂતપૂર્વ વિધાર્થીઓ હાજર રહ્યા હતા. તે દિવસે અમારી કોલેજ માં નાસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ - ૨૦૨૫












અમારી કોલેજમાં પ્રધાનમંત્રી સાહેબનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ બતાવવામાં આવ્યો હતો. જેમાં મોદી સાહેબ દ્વારા વિધાર્થીઓને ઊંઘનું મહત્વ, તેમની પાસેથી કવિતા સાંભડી, પરીક્ષાનું દબાણ, રાજકારણ, શિક્ષકો માટે પાઠ વગેરે મુદ્દાને અનુલક્ષીને ચર્ચા થઈ હતી જે અમારા દ્વારા સાંભડવામાં આવી હતી.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ




આ વર્ષે તારીખ ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં અમારા દ્વારા પ્રાર્થના કાર્યક્રમમાં વિજ્ઞાનને લગતા વિચાર તેમજ વૈજ્ઞાનિકો અને તેની શોધખોળો અંગેની વાત કરવામાં આવી અને છેલ્લે વિજ્ઞાન સબંધીત પ્રશ્નોતરી કરવામાં આવી હતી.

# ***Innovation club training – ૨૦૨૫***












આ કાર્યક્રમમાં અમને ચિપ નિર્માણ , પૃથ્વીના ગોળા અંગેની માહિતી ટેલિસ્કોપ, ગણિત વિજ્ઞાન ના સાધનનો ઉપયોગ વગેરે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# ***K.C.G. life skill training***






આ વર્ષ દરમ્યાન અમારી કોલેજમાં K.C.G. life skill training નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વંદનાબેન દ્વારા અમને ગ્રુપ ડીસકશન, પોતાના વિચાર રજૂ, સમસ્યા ઉકેલ, અભ્યાસની જુદી-જુદી પદ્ધતિઓ અંગે અમને સમજાવવામાં આવ્યું હતું.

# હોળી -ધૂળેટી








અમારી કોલેજમાં હોળી-ધૂળેટી ૧૩/03/૨૦૨૫ ના રોજ ઉજવવામાં આવી. ફાગણના કેસરીયાની છાપ તમામના હ્રદય સુધી વિસ્તરેલી આ દિવસનો આનંદ સહુને યાદ છે.

# ***Farewell function – 2025***











કોલેજમાં અમારા વિદાય કાર્યક્રમમાં ગીત, સ્પીચ, ડાન્સ, ગરબા વગેરે રાખવામા આવ્યું હતું તે પછી ગ્રુપ ફોટો પાડ્યો અને છેલ્લે જમવાનું હતું તે સમગ્ર કાર્યક્રમનુ સંચાલન રાજ અને શિવમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાયોગિક કાર્ય

- ## મનોવૈજ્ઞાનિક કસોટી :

સ્ટ્રે લેશન દરમ્યાન મારા દ્વારા ૨૦/૧૦/૨૦૨૩ ના રોજ ઉદગમ વિધામંદિર શાળામાં ધોરણ ૯ ના વિધ્યાર્થીઓ પાસે ચિંતા માપદંડ કસોટી લીધી હતી. આ દેસાઇ ચિંતા માપદંડ કસોટી માં વિધાનો આપેલા હતા જેની સામે 'હા' અથવા 'ના' પર વર્તુળ કરી તેમની પસંદગી કરવાની હતી. આ કસોટીનો મુખ્ય ઉદેશ વ્યક્તિના વર્તનના નમૂનાનું આત્મલક્ષી અને પ્રમાણિક માપન નું હતું.

- ## વ્યક્તિ અભ્યાસ :

વ્યક્તિ અભ્યાસ એટલે કોઈ વ્યક્તિનો અભ્યાસ એમ જ નહીં પરંતુ વ્યક્તિ અભ્યાસના એકમ તરીકે વ્યક્તિ પણ હોય અને કોઈ સંસ્થા પણ હોય શકે. કોઈ સંસ્થાને એકમ તરીકે લઈ તેની ખૂબીઓ અને ખામીઓ રજૂ કરવામાં આવે તેવા સંશોધનને જે તે સંસ્થાનો વ્યક્તિ અભ્યાસ કહેવાય છે. મે આ વ્યક્તિ અભ્યાસમાં મને જે શાળા ઇન્ટર્નશીપ માટે મળી હતી. તે 'ઉદગમ વિધામંદીર' નો અભ્યાસ કર્યો હતો.

- **क्रियात्मक संशोधन :**

વર્ગમાં શિક્ષણ કાર્ય કરતાં કે શાળામાં વિધાર્થીઓની પ્રવૃત્તિઓની અવલોકન કરતા શિક્ષક કેટલીક મૂંઝવણો અનુભવે છે. આ મૂંઝવણોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી તેમનો ઉકેલ લાવવાનો ઉપયોગી માર્ગ તે ક્રિયાત્મક સંશોધન. મે નવા ગામ હાઇસ્કૂલના ધોરણ (૯-B) ના વિધાર્થીઓ ગુજરાતી વિષયના કવિઓ અને લેખકોના પરિચય પ્રત્યે અસભાનતા દાખવે છે.

- **પુસ્તક સમીક્ષા :**

મે કુવરબાઈનું મામેરું પુસ્તક ની સમીક્ષા કરી હતી. જેના લેખકનું નામ મહાકવિ પ્રેમાનંદ છે. જે બૂકની કિમત ૧૨૦ /- છે. જે પુસ્તક ૧૬ કડવા માં વિભાજિત થયેલ છે. તે સમગ્ર પુસ્તક નરસિંહ મહેતાની પુત્રી પર લખાયેલું છે.

- **આત્મકથા :**

મે ગાધીજીની આત્મકથા (સત્યના પ્રયોગો) ની સમીક્ષા કરી હતી. જેમાં મે તેમનું સંપૂર્ણ જીવન તેમજ તેમના જીવન ના અમુક યાદગાર પ્રસંગો અને તેમણે ચલાવેલ આંદોલનોની સંપૂર્ણ બાબતોનો તેમાં સમાવેશ કર્યો હતો.

- **ગધ સમીક્ષા :**

મે ધોરણ ૧૦ માં આવતા પાઠ રેસનો ઘોડો, ભૂલી ગયા પછી, વાઇરલ ઇન્ફેકશન, છત્રી તેમજ ડાંગવનો અને આવા પાઠો માથી ફકરો શોધીને જુદા - જુદા પ્રશ્નો કાઢી મારા દ્વારા ગધ સમીક્ષા કરવામાં આવી હતી.

- **પધ સમીક્ષા :**

મે ધોરણ ૧૦ માં આવતી કાવ્ય શિકારીને, વતનથી વિદાય થતાં, બોલીએ ના કાઇ, દિવસો જુદાઈના જાય છે, એક બપોરે જેવી કાવ્યો પસંદ કરી તેમાથી પ્રશ્નો કાઢી મારા દ્વારા પધ સમીક્ષા કરવામાં આવી હતી.

# T.L.M. વિભાગ

# લેખક હર્ષદ ત્રિવેદી ની મુલાકત








અમારી કોલેજમાં ગુજરાતીમાં T.L.M. ના ભાગ રૂપે અમને કોઈ લેખક ની મુલાકાત લઈ તેમનું ઇન્ટરવ્યુ લેવાનું હતું. તો મારા અને ભૂમિકા દ્વારા તારીખ ૧૨/૦૭/૨૦૨૪ ના રોજ સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ.હર્ષદ ત્રિવેદી સાહેબનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. ત્યારે અમારા દ્વારા તેમને તેમના જીવન તેમજ અહિયાં સુધી પહોચ્યા એમાં કોઈ સર્જક ની અસર ખરા ?, તેમને મળેલા એવોર્ડ વિશે પણ પ્રશ્નો પૂછ્યા હતા.

# **S.S T.L.M.**









અમારા દ્વારા સેમેસ્ટર - 3 ની ઇન્ટર્નશીપ દરમ્યાન મેથડ ના બંને વિષય સામાજિક વિજ્ઞાન અને ગુજરાતી બંને ના T.L.M. બનાવવામાં આવ્યા હતા.

# સપ્તધારા કાર્યક્રમ

# વકતૃત્વ સ્પર્ધા









કોલેજમાં સપ્તધારા કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં મે ભાગ લીધો હતો. જેમાં મારો વિષય હતો જો હું પ્રધાનમંત્રી હોઉં તો ? આ સ્પર્ધામાં મારો બીજો નંબર આવ્યો હતો.

# માપન,વજન,વાક્યપૂર્તિ અને પત્રલેખન





આ દિવસે કોલેજમાં મે માપન, વજન, વાક્યપૂર્તિ તેમજ પાત્રાલેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં માપન માં લાકડી નું માપ કરવાનું હતું, જ્યારે પાત્રાલેખન માં નાના ભાઈને પત્ર લખવાનો હતો. અને વજન લોખંડ ની ભારે વસ્તુનું વજન કરવાનું હતું. તેમજ વાક્યપૂર્તિમાં અધૂરું વાક્ય પૂરું કરવાનું હતું.

# રંગોળી







# <u>મેમરી ગેમ</u>






અમારી કોલેજમાં મેમરી ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક ફોટો 2 મિનિટ માટે બતાવવામાં આવ્યું હતું. જેમાં 30 જુદા જુદા નામો હતા તે 5 મિનિટમાં લખવાના હતા.

# <u>ક્વીઝ સ્પર્ધા</u>










મે કોલેજમાં ક્વીઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં મારી અને શિવમની ટીમ હતી. આ સ્પર્ધામાં ટોટલ 4 રાઉન્ડ હતા. જેમાં અમારી ટીમનો પહેલો નંબર આવ્યો હતો.

# લગ્નગીત







અમારી કોલેજમાં લગ્નગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મારા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં બે પક્ષો હતા વર પક્ષ અને કન્યા પક્ષ હતા.

# ખાણી-પીણી






કોલેજમાં સપ્તધારા કાર્યક્રમમાં ખાણી પીણી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાત સ્ટોલ હતા. અને તેમાં મે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

# સફાઈ કાર્યક્રમ







કોલેજમાં સફાઈ કાર્યક્રમ અંતર્ગત આખી કોલેજ સાફ કરવામાં આવી હતી. જેમાં જુદી જુદી ટીમો પાડવામાં આવી હતી. જેમાથી એક ટીમનો હું લીડર હતો.

# સપ્તધારા કાર્યક્રમમાં નાસ્તો







# રાષ્ટ્રીય પર્વની ઉજવણી

# <u>૨૬ જાન્યુઆરી ૨૦૨૪</u>







# તીરંગા યાત્રા ૨૦૨૪





કચ્છમાં જિલ્લા કક્ષાની તીરંગા યાત્રા ૨૦૨૪ માં સામેલ થયો હતો.

# ૧૫ ઓગસ્ટ ૨૦૨૪









૧૫ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ કચ્છ માં જિલ્લા કક્ષા ના કાર્યક્રમ માં ગયો હતો. ત્યાં સાંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા સાથે મુલાકત થઈ.

# ૨૬ જાન્યુઆરી ૨૦૨૫



# પ્રવાસ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસ

08 માર્ચના રોજ એસ.યુ.જી. કોલેજ ઑફ એજ્યુકેશન તરફથી સ્ટેચ્યુ ઑફ યુનિટીના પ્રવાસનું આયોજન કરવામા આવ્યું હતું. આ પ્રવાસના આયોજન, સ્થળનું બુકિંગ તેમજ પરવાનગી આચાર્ય શ્રી ડૉ. અશોક પટેલ  કરવામા આવી હતી. આ પ્રવાસનું સંચાલન રાજ અને શિવમ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રવાસ સવારે 05 : 10 વાગ્યે બસ ઉપાડીને યાત્રાનો પ્રારંભ થયો હતો. બધાએ અંતાક્ષરી, નાચગાન, મોજ મસ્તી, ચા-નાસતો કરી પ્રવાસના પ્રથમ સ્થળ સ્ટેચ્યુ ઑફ યુનિટી પહોચ્યા હતા. ત્યા સવારે 9:00 વાગ્યે પ્રવેશ લીધા બાદ જંગલ સફારીમાં  અજગર, અર્જેન્ટિન બ્લેક એન્ડ વ્હાઇટ ટેગુ, ખડચિતડિયો, ધામણ, ગ્રીન ઇગુઆના, નાગ, બોઆ કન્સ્ટ્રીક્ટર, પાટલા ઘો, રાઇનોઇગુઆના, રેડ ટેગુ, કૉર્ન સ્નેક, બિઅર્ડિડ ડ્રેગન, ચાઈનીઝ સ્ટ્રાઇપ-નેક ટર્ટલ, ગેંડો, જંગલી ભેંસ, મોર, બતક, પીળીચાંચ ઢોંક, કુંજ, સફેદ મોર, સફેદ કાળિયાર, કાળુ હરણ, ચીતલ, મગર, ઓરંગુટાન, હિપોપોટેમસ, શાહમૃગ, વિલ્ડિબીસ્ટ, જિરાફ, ઝિબ્રા જેવા પ્રાણીઓ જોયા હતા.  ત્યારબાદ  નર્મદ ધોધની મુલાકાત લીધી હતી. ત્યારપછી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, વ્યુઇંગ ગેલેરી, વોલ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. જ્યા વ્યુઇંગ ગેલેરીથી નર્મદા નદી, સરદાર સરોવર ડેમ, આસપાસની ટેકરીઓ જોઈ હતી. તેમજ વોલ ઓફ યુનિટીએ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનું પ્રતીક છે, જે ભારતને એકીકૃત કરવામાં અને વૈશ્વિક પ્રવાસી આકર્ષણમાં તેમની ભૂમિકાને શ્રદ્ધાંજલિ તરીકે સેવા આપે છે. પછી બીજો હોલ્ટ  02:30 વાગ્યે લંચ માટે લીધો હતો. ત્યારબાદ બીજા સ્થળે 04:30 વાગ્યે પોઇચા પહોંચ્યા હતા. ત્યાં સ્વામિનારાયણ મંદિરમાં દર્શન, હાથી જળ યાત્રા, આઇસક્રીમ કોલડ્રિંક્સની મોજ મસ્તી કરી હતી. પરત ફરતા પૂનઃ અંતાક્ષરી, મોજ, ચર્ચા કરીને રાત્રે 09:30 વાગે આવ્યા હતા.













# સંસ્થા મુલાકાત

# અંધજન મંડળ






અમારી કોલેજમાં સંસ્થા મુલાકાત ના ભાગ રૂપે અંધજન મંડળ ની મુલાકત લેવામાં આવી હતી. જેમાં ડાર્ક રૂમની મુલાકાત લીધી હતી. અને તે સિવાય ફર્નિચર વર્કશોપ અને ટેક્નોલોજી મ્યુસિયમ ની મુલાકાત લીધી હતી.

# સાબરમરતી મધ્યસ્થ જેલ





અમારી કોલેજમાંથી તારીખ 05/04/2025 ના રોજ અમદાવાદ ખાતે આવેલ સાબરમતી મધ્યસ્થ જેલ ની મુલાકાત કરવા લઈ ગયા હતા. તે જેલમાં ત્રણ વિભાગો હતા જેમાં મહિલા જેલ જૂની જેલ તેમજ નવી જેલ જેમાં અમારા દ્વારા જૂની જેલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યાં જતાં જ સૌપ્રથમ અમારી ચેકિંગ

કરવામાં આવી ત્યારબાદ અમને કેદી તેમજ તેમના પરિવાર સાથેની મુલાકાત ખંડ બતાવવામાં આવ્યો ત્યારબાદ આપણે આઝાદીના લડવૈયાઓ માં મહાત્મા ગાંધીજી સરદાર વલ્લભભાઈ પટેલ ને જુદા જુદા આંદોલનો દરમિયાન જેલની સજા થઈ હતી તો તેમણે જે જગ્યાએ કારાવાસ ભોગવ્યો હતો તે જગ્યાની પ્રત્યક્ષ મુલાકાત કરાવવામાં આવી હતી તે જગ્યાની તરત બાજુમાં જ ગુજરાતી સાહિત્યકારો જેમાં ઝવેરચંદ મેઘાણી અબ્બાસ તૈયબજી અને રવિશંકર વ્યાસ ને પણ જેલની સજા થઈ હતી તો તેમના પણ જેલખંડ અમે જોયા હતા ત્યારબાદ અંદરના બંદી દ્વારા જુદા જુદા ચિત્રો બનાવવામાં આવે છે એ ચિત્રો કલા અને આકર્ષણની દ્રષ્ટિએ નયન રમ્યા હતા તેની પણ અમે રૂબરૂ મુલાકાત કરી હતી તે ચિત્રખંડ ની બાજુમાં જ ઓડીબલ રૂમ હતો. તે પછી જેલની સજા પામેલ બંને ભાઈઓનું જે જગ્યાએ કાઉન્સિલિંગ થાય છે તે ખંડનું  પણ અમારા દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમાં જુદી જુદી જાતના રમતના સાધનો તેમજ તે ખંડમાં કમ્પ્યુટરની પણ સુવિધા હતી તે પછી અમને ત્યાં બંદી ભાઈઓ દ્વારા ચલાવવામાં આવતા કાપડ કામ સીવણ સુથારી કામ બેકરી તેમજ ત્યાં રહેતા કેદીઓ માટે જ્યાં જમવાનું બનાવવામાં આવે છે તેની પણ મુલાકાત કરવામાં આવી હતી તે પછી ત્યાં આઈજી સાહેબ અશ્વિન ચૌહાણ દ્વારા અમને પોલીસ ખાતું તેમજ જેલ ખાતા વિશેની સમગ્ર માહિતી પૂરી પાડવામાં આવી હતી તેમની સાથે રહીને અમને રેડિયો રૂમ બતાવવામાં આવ્યું હતું જે રૂમમાં આઈજી સાહેબ દ્વારા સરસ ગીત ગાવામાં આવ્યું હતું ત્યારબાદ આઈ જી સાહેબ દ્વારા અમારા માટે નાસ્તો તેમજ ચાય ની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી તે પછી બંદી ભાઈઓની રહેવા માટેની જે બે રે કો હોય છે તેમાંની એક જે છોટા ચક્કર યાર્ડ વન ની મુલાકાત અમારા દ્વારા કરવામાં આવી હતી તે યાર્ડમાં 45 બંદી રહેતા હતા તે પછી જેલમાં જ્યાં ધ્વજ વંદન થાય છે તે જગ્યા પણ બતાવવામાં આવી હતી ત્યારબાદ અમારા દ્વારા ગ્રુપ ફોટો પાડવામાં આવ્યો હતો અને તે પછી સૌ કોઈ છૂટા પડ્યા હતા.

# સિદ્ધિઓ





S. U. G. COLLEGE OF EDUCATION

VASNA - AHMEDABAD

Smt. Ullasben Gordhandas College of Education

SUG

This certificate is awarded to

Maheshwari Rajkumar Jayrambhai

(Batch 2023-25)

The following competitions were won in the Saptadhara organized

during the Date: 17/02/2025 to 22/02/2025

Quiz, First Rank

Elocution competition, Second Rank

Date : 05-04-2025

DocuSigned by:
Dr. Ashok Patel
0E9AF0E3EB98474...

Principal

www.sugcollege.org sugcollegeofedu@gmail.com N.C.T.E. CODE:313003 UNI. CODE: 076